## હરિ નજર - ખરી નજર



તમને ખબર છે મને ડાયાબિટીસ છે. ગણેશ ઉત્સવવાળાને સમજાવી લાડુ સિવાય અન્ય કોઈ પ્રસાદ કરાવવો જોઈએ ને !


## વનશ્રી ટ્રસ્ટ દ્વારા વિશ્વ ઓઝોન દિન નિમિત્તે સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લાના વાવોલ ગામે આવેલી મહારાજા અગ્રસેન સ્કૂલમાં વનશ્રી ટ્રસ્ટ દ્વારા વિશ્વ ઓઝોન દિનની ઉજવણી કરવામાં આવી હતી તથા ઓઝોન દિન નિમિત્તે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

વિશ્વ ઓઝોન દિન નિમિત્તે વાવોલમાં યોજાયેલા સેમિનારમાં યુથ હોસ્ટેલના ચેરમેન ચૈતન્ય નિમાવત દ્વારા ઓઝોન પડ વિશે માહિતી આપવામાં આવી હતી. ઓઝોન પડતી જાળવણી, ઓઝોન વાયુને નુકશાન કરતા પરિબળો તથા પર્યાવરણની જાળવણી અંગે રસપ્રદ માહિતી આપવામાં આવી હતી. સેમિનારમાં ૫૦ જેટલા બાળકો, યુવાનોએ ભાગ લીધો હતો. ગ્રીન મોટીવેટર અંજના નિમાવત દ્વારા 'ઓઝોન પડ બચાવો, ગ્લોબલ વોર્મિંગ ભગાવો' જેવી પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. શાળાના આચાર્યા અંજનાબેન વૈદ્ય અને ચેરમેન લલિતભાઈ અગ્રવાલે બાળકોને પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું.

## આશીહારા કરાટે સંસ્થાના ટેકનીટકલ ડિરેક્ટર તરીકે સિંહાન હરીહર મોહન્તીની નિમણૂંક



ગાંધીનગર, તા. ૨૦

આશીહારા કરાટે ઈન્ટરનેશનલ સંસ્થા તરફથી મહારાષ્ટ્રના અહેમદનગર ખાતે ઑલ ઈન્ડિયા કરાટે ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. ટુર્નામેન્ટનું ઉદ્‌ઘાટન આશીહારા કરાટે સંસ્થાનાં નિયામકશ્રી સાઉથ આફ્રિકાના શ્રી કાઈચો નારકરે કર્યું હતું. ૨૫૦ સ્પર્ધકોએ ભારતમાંથી ભાગ લીધો હતો. ગુજરાતનાં ૧૨ સ્પર્ધકો પણ ભાગ લીધો હતો.

આ પ્રસંગે કાઈચો નાટકરે ગુજરાત, મહારાષ્ટ્ર, ઓરિસ્સાના ચીફ કરાટે ઈન્સ્ટક્ટ્રર સિંહાન હરિહર મોહન્તીની ટેકનિકલ ડાયરેક્ટર તરીકે નિમણૂંક કરી છે. એમને સીક્સ ડિગ્રી બ્લેક બેલ્ટ એનાયત થયો છે. સંસ્થામાં ૬ હજાર જેટલાં વિદ્યાર્થીઓ કરાટેની તાલીમ શ્રી હરિહર મોહન્તી પાસેથી મેળવી છે. હરિહર મોહન્તી ૧૧ વર્ષથી ભારત સેવાશ્રમ સંઘ ખાતે સેવાઓ આપી રહ્યાં છે.

## કવીઝ કોમ્પીટીશનમાં દ્વિતીય નંબર મેળવતી જે.બી. પ્રાથમિક શાળા

હિંમતનગર, તા.૨૦

ઓઝોન ડે અંતર્ગત ઓન ધી સ્પોટ કવીઝ કોમ્પીટીશનનું ગુજરાત એન્વાયરમેન્ટ મેનેજમેન્ટ ઈન્સ્ટીટ્યૂટ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું ઓન ધી સ્પોટ કવીઝ કોમ્પીટીશનમાં જે.બી. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ દ્વિતીય નંબર પ્રાપ્ત કરી રોકડ પુરસ્કાર મેળવ્યો હતો.

ઓન ધી સ્પોટ કવીઝ કોમ્પીટીશનમાં જે.બી. પ્રાથમિક શાળાના હિરેન વાઘેલા, અજયસિંહ ભાટી અને લખન ઠકકરે ભાગ લઈ દ્વિતીય નંબર મેળવ્યો હતો તથા ધ્રુવ પટેલે ચિત્ર સ્પર્ધામાં દ્વિતીય નંબર પ્રાપ્ત કરી ૮૦૦ રૂ.નું રોકડ ઈનામ મેળવ્યું હતું.

શાળાના આચાર્યા નીવાબેન પટેલે વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## યુનિ. સિન્ડીકેટની ૧૩ બેઠકો માટે ૩૫ ઉમેદવાર મેદાનમાં

અમદાવાદ, તા.૨૦

ગુજરાત યુનિવર્સિટી સીન્ડીકેટની ૧૩ બેઠકોની અને યુનિવર્સિટી બોર્ડ ઓફ એકાઉન્ટની ૩ બેઠકોની ચૂંટણી માટે આજે ફોર્મ ભરવાના છેલ્લા દિવસે ભાજપ અને કોંગ્રેસ પાર્ટીના દિગ્ગજોની હાજરીથી વાતાવરણ ઉત્તેજનાભર્યું થઈ ગયું હતું. બંને ચૂંટણીમાં કુલ ૪૫ ઉમેદવારો મેદાનમાં છે. આવતીકાલે ઉમેદવારી પત્રોની ચકાસણીની પ્રક્રિયા પૂરી થયા બાદ ઉમેદવારોની ફાઈનલ યાદી જાહેર કરાશે.

આજે છેલ્લા દિવસે ભાજપ અને કોંગ્રેસના પૂર્વ સેનેટ તેમજ સીન્ડીકેટ સભ્યો ઉપરાંત આગેવાનોની ચહલપહલ રહી હતી. એક્ઝિક્યુટીવ કાઉન્સીલ (સિન્ડીકેટ)ની ચૂંટણી માટે જનરલ કેટેગરીની ૩ બેઠકો માટે ૬ ઉમેદવાર, યુનિ. સંલગ્ન કોલેજના આચાર્યની ૩ બેઠકો માટે ૯ ઉમેદવાર તેમજ યુનિ. સંલગ્ન કોલેજોના અધ્યાપકોની ૩ બેઠકો માટે ૧૩ ઉમેદવારો, ગુજ.યુનિ. ભવનોના પ્રોફેસરની બે બેઠકો માટે ૩ ઉમેદવાર, યુનિ. ભવનોના ટીચર્સની એક બેઠક માટે ૩ ઉમેદવારો અને સંચાલક કેટેગરી એક બેઠક માટે એક જ ઉમેદવારી મળી કુલ ૧૩ બેઠકો માટે ૩૫ ઉમેદવાર મેદાનમાં છે.

## સુખ અને શાંતિ માટે રાજયોગ

ગાંધીનગર, તા.૨૦

આજના પાપાચાર અને અનીતિના યુગમાં સત્યની સ્થાપના કરવા તથા સુખની પ્રાપ્તિ કરવા માટે રાજયોગને સાધન બનાવવું જોઈએ એવી શીખ પોતાના અનુભવને આધારે ગાંધીનગરના રહેવાસી રમણભાઈ પટેલે આપી છે.

બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દ્વારા અર્પિત જ્ઞાનના આધારે રાજયોગ પ્રાપ્ત કરીને પોતે ખુબ સુંદર અનુભૂતિ કરી છે, એવું જણાવતાં રમણભાઈ ઉમેરે છે કે રાજયોગ થકી સાચું સુખ, શાંતિ અને આનંદ મેળવી શકાય છે. તેના દ્વારા પ્રભુને ઓળખી ફરીથી શકિતઓનો ખજાનો મેળવીને અંદરથી સાચી શાંતિ અને સુખનો અનુભવ કરી શકાય છે. આજના ટેન્શનયુકત યુગમાં ટેન્શનમુકત થવા રાજયોગને સાધન બનાવીએ તો જીવન રસને સુંદર બનાવી શકાય એવી સલાહ તેમણે આપી છે.

## મહિલાઓ અને પુરુષોની સમાનતાની સાથે સૌથી વધારે અગત્યની બાબત એકરૂપતા અને સામંજસ્યપૂર્ણ વ્યવહાર છે

### અખિલ હિન્દ મહિલા પરિષદ દ્વારા ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસ ઑથોરિટીની નિશ્રામાં ગાંધીનગર ખાતે 'મહિલાઓ સામેના અત્યાચારો અને તેનાં પરિમાણો' વિષયે એક દિવસીય રાષ્ટ્રીય સ્તરનો સેમિનાર યોજાયો




ગાંધીનગર, તા. ૨૦

રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તર ઉપર મહિલાઓ સામે વધતા જતાં ઘરેલુ હિંસાના બનાવો માટે સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા વૈશ્વિક સ્તરે શરૂ થયેલ જાગૃતિ અભિયાનના ભાગરૂપે અખિલ હિન્દ મહિલા પરિષદ દ્વારા ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસ ઑથોરિટીની નિશ્રામાં ગુજરાત, મહારાષ્ટ્ર અને ગોવા એમ ત્રણ રાજયોના પ્રતિનિધિઓ, ન્યાયાધિશો, એનજીઓ તેમજ નીતિ નિર્ધારણ કરનાર સંવાહકોની ઉપસ્થિતિમાં ગઈકાલે ગાંધીનગર ખાતે 'મહિલાઓ સામેના અત્યાચારો અને તેનાં પરિમાણો' વિષયે એક દિવસીય રાષ્ટ્રીય સ્તરના સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

સેમિનારનું ઉદ્‌ઘાટન ગુજરાત હાઈકૉર્ટના ન્યાયમૂર્તિ જસ્ટીસ એ એલ દવેના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પરિષદનાં રાષ્ટ્રીય અધ્યક્ષ બીના જૈન અને અગ્રણી ઉષા નાયર ઉપસ્થિત રહ્યા હતા.

ન્યાયવિદો, સ્વૈચ્છિક સંગઠનો, શિક્ષણવિદો, મનોચિકિત્સકો, સમાજશાસ્ત્રીઓ અને સંશોધકોના સંયોજનવાળા આ સેમિનારમાં મહત્ત્વપૂર્ણ ઘટના એ હતી કે તેમાં પ્રથમ વખત ૩૩ જેટલા ન્યાયાધિશો અને સૅશન્સ જજ ઉપસ્થિત રહ્યા હતા.

ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશનના કુલપતિ ડૉ. કમલેશ જોશીપુરાએ આ પ્રસંગે ન્યાયશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને નૃવંશશાસ્ત્ર એમ ત્રણેય વિષયને આવરી લઈ વકતવ્ય આપ્યું હતું. આ પ્રસંગે કુલસચિવ બિપીનભાઈ ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા.

ઉદ્‌ઘાટન પ્રવચનમાં જસ્ટીલ એ એલ દવેએ જણાવ્યું હતું કે મહિલાઓ અને પુરુષોની સમાનતાની સાથે સૌથી વધારે અગત્યની બાબત એકરૂપતા અને સામંજસ્યપૂર્ણ વ્યવહાર છે.

બીના જૈને આ સેમિનારને વૈશ્વિક દૃષ્ટિથી અગત્યનો ગણાવતાં તેના આયોજન બદલ સંસ્થાના મૅમ્બર સૅક્રેટરી એ પી ઠાકર અને સેમિનાર સંયોજક ભાવનાબેન જોશીપુરાને ખાસ અભિનંદન પાઠવ્યા હતા. ભાવનાબેન જોશીપુરાએ જણાવ્યું હતું કે ગુજરાત રાજયમાં રાજય કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા કાનૂની જાગૃતિ અભિયાન અને સવિશેષ રીતે જાતિ પરીક્ષણના દૂષણ સામે વ્યાપક સ્તરે જે કાર્યક્રમો શરૂ થયા છે તેમાં સ્વૈચ્છિક સંગઠનો પુરી તાકાત સાથે જોડાશે. વિદ્યમાન કાયદાઓનું અસરકારક અમલીકરણ અને તે અર્થેની જાગૃતિમાં સ્વૈચ્છિક સંગઠનો ન્યાયતંત્ર અને સરકારને મદદરૂપ થાય તે હેતુ નક્કર સૂચનો સાથેનો ડ્રાફ્ટ તૈયાર કરવામાં આવી રહ્યો છે.

આ સેમિનાર અંતર્ગત ૪૧ જેટલા શોધપત્રો રજૂ કરવામાં આવ્યા હતા અને અસરકારક સ્લોગન તથા પોસ્ટર નિદર્શન પણ રાખવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. માધવીબેન ઉપાધ્યાયે કર્યું હતું.

## નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વહેમ અને અંધશ્રધ્ધા નિવારણ કાર્યક્રમ યોજાયો

### અનિલભાઈ પટેલ દ્વારા કહેવાતા ભુવાઓ, જોગણીઓ, ઢોંગી સાધુઓ અને મૌલવીઓ ચમત્કારના નામે કઈ રીતે લોકોને મૂર્ખ બનાવે છે તે વિવિધ પ્રયોગો કરીને લોકોને સમજાવાયું

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરના નિસર્ગ સાયન્સ સેન્ટર અને ગાંધીનગર રેશનાલીસ્ટ એસોસિએશનના સંયુકત ઉપક્રમે તાજેતરમાં મહેસાણા જિલ્લાના કમાણા ગામે વહેમ અને અંધશ્રધ્ધા નિવારણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. અંધશ્રદ્ધા નિવારણ આ કાર્યક્રમમાં ૩૦૦૦ જેટલી માનવ મેદની ઉપસ્થિત રહી હતી અને ઢોંગી સાધુઓ, મૌલવીઓના ચમત્કારોની અસલીઅત વૈજ્ઞાનિક ઢબે જાણી હતી. નિસર્ગ સાયન્સ સેન્ટરનાં મેનેજીંગ ટ્રસ્ટી અને ગાંધીનગર રેશનાલીસ્ટ એસોસિએશનના ઉપપ્રમુખ અનિલભાઈ પટેલ દ્વારા કહેવાતા ભુવાઓ, જોગણીઓ, ઢોંગી સાધુઓ અને મૌલવીઓ ચમત્કારના નામે કઈ રીતે લોકોને મૂર્ખ બનાવે છે તે વિવિધ પ્રયોગો કરીને લોકોને સમજાવ્યું હતું. નાળિયેરમાંથી ચૂંદડી કાઢવી, નાળિયેરમાંથી મૂર્તિ કાઢવી, હાથમાંથી કંકુ ખેરવવું, લોટામાંથી પાણી કાઢવું, લીંબુમાંથી લોહી પાવું જેવા પ્રયોગો બતાવીને લોકોને સભાન કર્યા હતા. ગણપતિ દૂધ પીએ, પાદુકાઓ કઈ રીતે ચાલે, મોઢામાંથી મૂર્તિ કઈ રીતે નીકળે વગેરે જેવી બાબતોની તેઓએ સ્પષ્ટતા કરી હતી.

સમગ્ર કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે જાણીતા શિક્ષણ શાસ્ત્રી અને પ્રગતિશીલ શિક્ષણના તંત્રી ડૉ. પી.જી. પટેલ ઉપસ્થિત રહ્યા હતાં. નિસર્ગ સાયન્સ સેન્ટર અને ગાંધીનગર રેશનાલીસ્ટ એસોસિએશનના ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમમાં ઉપસ્થિત માનવ મેદનીએ વહેમ અને અંધશ્રધ્ધા બાબતે સારી એવી સચોટ માહિતી રસપૂર્વક મેળવી હતી અને માણી હતી તથા જાગૃકતા મેળવી હતી.

## ભીડ ક્યાં નથી ?

ભીડ... ભીડ... ને ભીડ. ભીડ ક્યાં નથી ? પાન મસાલાની પિચકારી વગર જેમ કોઈ ખૂણો ખાલી નથી હોતો તેમત અહીં કોઈ પણ જગા ભીડ વગરની નથી હોતી. ભીડની અહીં કોઈ તંગી નથી અને ભીડની અહીં કોઈને ચીડ પણ નથી. ભીડ ભેગી કરવા તો જાણે કે બધા હરિફાઈ ના કરતા હોય ! ભીડ માણસનો હવે પર્યાયવાચી શબ્દ બની ગયો છે.

પૈસા મૂકવા કે ઉપાડવા ઘેરથી નીકળેલો માણસ સીધેસીધા જ કાઉન્ટર ઉપર જઈ પહેલા જ નંબરે પૈસા ઉપાડી કે મૂકી તુરત ઘેર પાછો ફર્યોહોય એવો એકાદ નસીબદાર તો બતાવો ! કોઈ પેન્શનર કે સિનીયર સિટીઝનને આ પ્રશ્ન પૂછો તો કહેશે : 'આજ દિન સુધી અર્ધો કલાક લાઈનમાં ઊભા રહ્યા વગર મેળ પડ્યો જ નથી. બહારગામ જવા નીકળ્યા હોય અને એસટી ડેપો કે બસ સ્ટેશનને જતાં વેંત સીધા જ બારણું ખોલી બસમાં બેઠા હોય તો એવું લાગે કે આવું તો સપનામાં જ શક્ય બની શકે.' નોકરિયાત કચેરીમાં જવા લીફટની રાહ જોયા વગર હજુ સુધી કચેરીમાં દાખલ થયો હોય તેવો કોઈ કિસ્સો જાણમાં નથી. તમે શાકમાર્કેટની ભીડ તો જોઈ છે ને ! બિમાર પડો, દવાખાને જાવ તો નંબર લઈને બેસવું પડે ! હાઈવે ઉપર ગાડી લઈને જાવ તો બ્રેક, એક્સિલેટર, હોર્ન, ગિયર આ બધામાંથી ઊંચા જ ના આવો. શહેરમાંથી પસાર થાવ તો ટ્રાફિક પોઈન્ટ ઉપર કાયમ લાલ જ લાઈટ ચાલુ હોય ! અમદાવાદથી ગાંધીનગર બસમાં આવવું હોય તો એસ.ટી.થી વિસત સુધી મહાભારતમાં તો સાત કોઠા હતા અહીં એથી ય. ડબલ પૂરાં પંદર ટ્રાફિક પોઈન્ટ વીંધીને આવતાં એવું વીતે કે અહીં હવે વિમાન સેવા શરૂ થાય તો સારું !

નિશાળમાં ય ભીડનો પાર નથી. સ્કૂલોમાં જઈ બાળકોને લઈ જતી ગાડીઓનો કાફલો અને છોકરાંને તેડવા આવેલાં મા-બાપનો મેળવડો જૂઓ તો નિશાળ નહીં બધા બાલનગરી કે કોઈ મેળો જોવા આવ્યા હોય એવું જ લાગે. કોલેજોની તો વાત જ નિરાળી છે. પિરિયડ ડ્રોપની ફેશન : બૉય-ફ્રેન્ડ- ગર્લ ફ્રેન્ડનાં ટોળેટોળાં અહીં કોઈ બીજા જ પાઠ ભણવામાં તલ્લીન હોય છએ. હોટલમાં કે લૉજમાં જાવ તો કે બહાર બેસો.. વૅઈટિંગ છે. ભીડ વગર કોઈ મેળો સફળ થયાનું હજુ સુધી સાંભળ્યું નથી. જેમ વધારે ભીડ તેમ સફળતા વધારે ગણાય.

કોઈ જમણવારનો પ્રસંગ હોય તો કોઈ એક શિકાર ઉપર સિંહોનું ટોળું તૂટી ના પડ્યું હોય... એવું લાગે. તમે તેવા સભ્ય.. સંસ્કારી માણસની બુફે ડીનરમાં કપરી કસોટી થાય છે. સંસ્કાર હારી જાય છે ને ભૂખ જીતી જાય છે. બૂફે ડીનરનાસ્થળે એંઠી થાળીઓના ઢગલા, પ્લાસ્ટીકના પ્યાલા, રસોઈનો બગાડ જોઈ ઘડીભર તો કોઈ માની શકતું નથી કે શું અહીં જે જમીને ગયા તે ખરેખર માણસો હતા ! આ પણ ભીડનો એક ભયંકર પ્રકાર છે. અહીં તો ભગવાન પણ લાચાર.

સિનેમા જોવા જાવ તો ય પડાપડી ! અહીં ઈન્ટરવોલ પડે ત્યારે કાઉન્ટર પરથી ચીજો, પીણાં, નાસ્તો લેવાની માણસોની રીત જોયા પછી સિનેમા જોવા ફરી નહિં જ આવું એવી પ્રતિજ્ઞા લેવી પડે. વહેરી સવારના શહેર-નગરના બગીચામાં ચાલવા જાવ ત્યારે બગીચો બગીચો નહિ ગુજરી બજારની હાટડીઓ જેવો લાગે. ખાખરા, ફણગાવેલા કઠોર, લીમડાનો રસ, ગળો, લીલાં નાળિયેર, જાતજાતની દવાઓ, ભાતભાતનાં ફરસાણ વેચતા ફેરિયાઓની બૂમોથી ઘડીભર એવું લાગે કે આપણે બગીચાને બદલે કોઈ શૅર બજારમાં તો નથી આવી ગયા ને !

આવી રીતે ચાલવાથી આરોગ્ય કઈ રીતે સુધરી જતું હશે એ સમજવા પાછી આપણે ય બદામ ખાવાનો ખર્ચો કરવો પડે !

હવે તો હદ થઈ ગઈ ! આટલેથી અટકવું પડશે. કારણ કે આવી ભીડનો તો કોઈ અંત જ આવવાનો નથી. આવાં ૧૦૦ (પૂરાં સો) ભીડ (દુઃખ, પીડા, તંગી) બહુ પડે એટલે ભગવાન યાદ આવે. ભગવાન વળી પાછા મંદિરમાં હોય, મંદિરને ય ભીડે (ગીરદી) નથી છોડ્યાં. એકવાર તિરૂપતિ કે શીરડી જઈ આવો. ભીડ શું છે એ એક પળમાં સમજાઈ જશે. અહીં ભીડ ભેદી ભગવાનનાં દર્શન પહેલાં કરવાના પૈસા લેવાય છે. અહીં તો ભગવાન પણ ભીડ જોઈને ભીડમાં આવી જાય છે. જો માણસોની ભીડ ભગવાનને ય ભારે પડતી હોય તો પછી માણસની તો શું વિસાત ! બિચારો આ માણસ જાયે તો જાયે કહાં ? બધે જ ભીડ.. ભીડ... ભીડ... શું આ ભીડ ઓછી કરવાનો કોઈ ઉપાય જ નથી? છે ને. એવાં ઘણાં સ્થળો છે જ્યાં ભીડ જરૂરી હોવાં છતાં ભીડ થતી નથી. શું વાત કરો છો ? જલદી કહો એ સ્થળ.. મારે ત્યાં જઈ જરા એકાંત માણવું છે એ સ્થળનું નામ છે : પુસ્તકાલય (લાઈબ્રેરી). એકાંત પામવું એટલે શ્રીકાન્ત પામવા. પુસ્તકાલયમાં આપનું હાર્દિક સ્વાગત છે.

- પી.એમ. પરમાર( દર્શન)

## ... અને ચારે કન્યાઓની વિદાય પ્રસંગે આખા ગામની આંખોમાં આંસુનાં તોરણ બંધાયા હતા સૌએ સજળ નેત્રે કહ્યું, દીકરી... અખંડ સૌભાગ્યવતી ભવ...





### સંબંધ સજાવે જિંદગી

#### સગપણ વિનાનો સ્નેહ

- પોપટલાલ એસ પ્રજાપતિ

પોતે સૌ પોતા તણાં, પાળો પારેવાં, બચર બીજાના બાળ, કોક જ સેવે કાગડા.

કુદરત ક્યારેક ગંભીર ગુનો કરી બેસે ત્યારે બગડેલી બાજી સુધારવાનું કામ કોઈ અભણ, ગરીબ અને અજ્ઞાન માનવી કરે ત્યાં જ સંસ્કૃતિની શરૂઆત થાય છે. દીકરીને વ્હાલનો દરિયો કહેવાય છે પણ સાવ સામાન્ય પરિવારમાં ચાર ચાર દીકરીઓને ઉછેરવી, તેય પાછી સાવ અજાણી, મા-બાપ વગરની દીકરીઓ, દૂરનોય કોઈ સંબંધ નહીં, જ્ઞાતિનુંય કોઈ વળગણ નહીં અને છતાં ચાર-ચાર દીકરીઓના પાલક પિતા બની દીકરીઓને લાડકોડથી ઉછેરે અને ઉંમર લાયક થતાં તેમના ધામધૂમથી લગ્ન કરાવે અને આ દીકરીઓને વિદાય આપવા આખું ગામ ભેગું થાય આ પ્રસંગ જેણે માણ્યો એનું જીવતર ધન્ય બની ગયું.

વાત છે ગાંધીનગરના સીમાડે આવેલ શાહપુર ગામની. ત્યાં ભલાજી મથુરજી ઠાકોર પોતાના પરિવાર સાથે રહે. તેમને ત્રણ દીકરા પણ એક દીકરો પ્રભુને પ્યારો થયો. ભલાજીને એક ખેતર હતું. આ ખેતરમાં આછું પાતળું વાવેતર કરી માંડ પરિવારનું ગુજરાન કરે. એક વખત શાહપુર ગામમાં બહુચરાજી સાઈડથી ગામ ટુવરના એક ડાહ્યાભાઈ દરબાર પોતાની ચાર દીકરીઓ સાથે મજૂરી અર્થે આવ્યા. આ પરિવાર ગામમાં મજૂરી કરી જે કંઈ મળે તેમાંથી માંડ ગુજારો કરે. ભલાજી ઠાકોરને દયા આવતાં પોતાના ખેતરમાં ઝૂંપડી બનાવી દરબાર પરિવારને આશરો આપ્યો. કુદરતને દુખ આપવું હોય ત્યારે આવા નબળા પરિવારને નિશાન બનાવે છે. થોડા જ સમયના અંતરે ડાહ્યાભાઈ દરબાર સ્વર્ગે સિધાવ્યા... એક જ વર્ષમાં પત્નીએ પણ આ જ માર્ગે પ્રયાણ કર્યું. ઝૂંપડીમાં રહી ફક્ત ચાર દીકરીઓ. તે પણ ત્રણ, ચાર, છ અને સાત જ વર્ષની. જેમને દુનિયાની કોઈ સમજદારી નથી. સમાજની ઓળખ નથી. એવા આ વ્હાલના દરિયા પર સુનામીનું સંકટ આવ્યું. અને મોટી દીકરી ફક્ત સાત વર્ષની. તેણે ભીખ માગવાનું શરૂ કર્યું. પણ ભીખ માગવાની પણ એક આવડત હોવી જોઈએ. દીકરી આંસુ સારે તોય કોની આગળ ? મજૂરી કરવાની પણ તેની ઉંમર નહોતી. ભલાજી ઠાકોરના મનમાં પ્રશ્ન થયો. આ સાવ અટુલી અને અનાથ દીકરીઓને સમાજ પિંખી નાખશે. કોઈ વાસનાભૂખ્યા વરૂનો દીકરીઓ શિકાર બનશે તો એમની જિંદગી રોળાઈ જશે. ભલે કુદરતે કરેલા આવા ગંભીર ગુના માટે કોઈ કોર્ટ હોય નહિ, પણ ભલાજી જેવા દેવદૂતો કુદરતે બગાડેલી બાજી સુધારવાનું કામ કરતા હોય છે. તેમણે પોતાના બે દીકરાઓને બોલાવીને કહ્યું, આજથી આ ચારે દીકરીઓ તમારી સગી બહેનો છે, તેમને મોટી કરી પરણાવવાથી માંડી ખાંપણ પુરું પાડવાની જવાબદારી આપણી છે. અને આ ઓછું ભણેલા માનવીએ બારોટના ચોપડે ચાર દીકરીઓના પાલક પિતા તરીકે પોતાનું નામ લખાવી દીધું. અનાથ દીકરીઓને પરિવાર મળ્યો... ચાર દીકરીઓનાં નામ લક્ષ્મી, સુજન, કંકુ અને ગીતા... ભારતીય કાયદા પ્રમાણે એક સિંગલ પુરુષ બાળક દત્તક લઈ શકે પણ બાળકી દત્તક લઈ શકતો નથી. પણ ભલાજીને કાયદાનું ક્યાં જ્ઞાન હતું ? ખરેખર તોત અજ્ઞાનતા અને ભોળપણ જ સ્નેહ અને સમર્પણનાં વાવેતર કરી શકે છે. બાકી જ્ઞાન વધે પછી જ અવળચંડાઈ શરૂ થાય છે. ચાર દીકરીઓ ભાંગ્યુ તૂટ્યું ભણી. ભલાજીની વધારે ત્રેવડ પણ નહીં. દીકરીઓ ઉંમરલાયક થતાં તેમના માટે મૂરતિયાની શોધખોળ શરૂ થઈ. વડા ગામ પાસે રોજડ ગામમાં ઠાકોર પરિવારમાં દીકરીઓનાં વેવિશાળ નક્કી થયાં. ચારે દીકરીઓના સાથે લગ્ન કરવાનું નક્કી થયું. ભલાજીએ બે દીકરા તખુજી અને કનુજીને બોલાવીને કહ્યું, 'દેવું થાય તો ભરજો પણ મારી દીકરીઓને માબાપના ઓરતા આવવા ન દેશો.' અને શાહપુર ગામમાં વાત વાયુ વેગે ફેલાઈ. ભલાજી તેમની પાલક પુત્રીઓને પરણાવે છે ત્યારે ગામ આખું હિલોળે ચડ્યું. આ તો કળિયુગનો સંત પાક્યો. ભલાજીએ તો એમનું જીવતર ઉજાળ્યું. આપણે પણ આ પુણ્ય કાર્યમાં સામેલ થઈએ. અને ભલાજીના પરમ મિત્ર જયંતિભાઈ પ્રજાપતિ (બાપા સીતારામ) આખા ગામમાં ફરી વળ્યા અને ગામમાં ઉત્સવનો માહોલ ઊભો કર્યો. સૌએ પોતાની શક્તિ મુજબ કન્યાદાન કર્યું. ચારે દીકરીઓને અઢળક કરિયાવર મળ્યો. દીકરીઓને ત્યારે થયું કે હજાર હાથવાલાએ અમારું છીનવી લીધું પણ બે હાથવાળાએ અમને ખોબલે ખોબલે આપ્યું. પરમાત્મા ક્યાં શોધવા ? અમારા પરમાત્મા એટલે ભલાબાપા. અને જ્યારે ચારે કન્યાઓને વિદાય આપવાનો પ્રસંગ આવ્યો ત્યારે આખા ગામની હજારો આંખો પર આંસુનાં તોરણ બંધાયાં હતાં. ભલાજીના હરખનો પાર ન હતો. એ ગામડાનો નિરક્ષર બાપ ચારે દીકરીઓને બાથમાં લઈ હૈયાફાટ રૂદન કરવા લાગ્યો ત્યારે પવન પણ થંભી ગયો હતો. વૃક્ષ અને વનરાજી પણ ઊભા ઊભા ડૂસકાં લઈ રહ્યા હોય તેવી શૂન્યતા વાતાવરણમાં વ્યાપી ગઈ હતી. ગામના હજારો હાથોએ આશીર્વાદ આપી દીકરીઓને કહ્યું, 'અખંડ સૌભાગ્યવતી ભવ...' આ ભવ્ય પ્રસંગની ગરિમાએ સંસ્કૃતિને ચાર ચાંદ લગાવ્યા. સંસ્કૃતિની કોઈ ચોક્કસ પરિભાષા ક્યાં છે? જેમાં માનવતા મહેંકે એનું નામ સંસ્કૃતિ... અને પછી ભલાજીએ આ પુણ્ય કાર્ય પતાવી પરલોક ભણી પ્રયાણ કર્યું. તેમના બેદીકરા તખુજી અને કનુજીએ બાપના વચનને નિભાવ્યું છે. તેઓ ચારે બહેનોના સામાજિક વ્યવહારોમાં દોડી જાય છે. દીકરીઓ રક્ષાબંધનને દિવસે દોડતી આવે છે. ભઈલાને રાખડી બાંધવા. નથી લાગતું કે લોહીના સંબંધ કરતાં લાગણીનો સંબંધ વધુ મહેંક પ્રસરાવી જાય છે?